

## સલામી સવારની..


સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251


*તારીખ પે તારીખ અને રોજના ધક્કા થાય છે,*
*ભલભલાના છૂટે છક્કા, બિચારા-બક્કા થાય છે,*
*થાય છે સૌ હક્કા-બક્કા કોર્ટની હડફેટે ચઢી -*
*છે સિક્કાની ટંકશાળ, વકીલોનું મક્કા થાય છે.*
*(કરોડો કેસ પડતર)*

હાઈકુ

*સૂત્રો સાણસે*
*લોકશાહી બિચારી -*
*ડરે જેલથી...*
*(દ્રોહની જાળ)*

*જન્મભૂમિ તો,*
*છે સૌ ભારતીયોની -*
*જન્મદાતા ‘મા’*
*(‘મા’ ની ‘જય’ બોલે તે કુપુત્ર)*

### ચિંતન

**ખલઃ સર્ષપમાત્રાણિ પરછિદ્રાણિ પશ્યતિ ।**
**આત્મનો બિલ્વમાત્રાણિ પશ્યન્નપિ ન પશ્યતિ ॥**

લુચ્ચા-જૂઠા લોકો બીજાના સરસીયાંના બીજ (રાઈના દાણા જેવાં) નાનાં બીજના દાણા જેવા દોષને પણ પોતાની દોષ દૃષ્ટિથી (આઈ ગ્લાસ)થી સદાય જોતા રહી ટીકા કરે છે અને પોતાના બિલીપત્રના મોટા ફળ જેટલા દોષને પણ જાતે જાણતા અને જોતા હોવા છતાં - આંખ આડા કાન કરે છે અને જાતે નિર્દોષ-ચોખ્ખા હોય એવી રીતે વર્તન કરી છે.

આજકાલ સત્તાપક્ષ અને વિરોધપક્ષ કે કાર્યકર સેવાભાવી સમાજ અને દોષદર્શી વિરોધી લોકોમાં સદાય આવો જ ગજગ્રાહ ચાલતો હોય છે તે સમાજ માટે નુકશાનકારક છે.

### સુવિચાર

- તન કો બહુત સંવાર લીયા હમને, ધન કા તો અંબાર લગા દીયા હમને,
  જો ગઈ, ગઈ... અબ તો ભીતર ઝાંકે, મન કા કિતના શૃંગાર કિયા હમને? - **નિરાલા**
- મને મળી નિષ્ફળતા અનેક તેથી થયો સફળ કંઈક હું જીંદગીમાં - **એસ.એમ.એસ.**
- પ્રાણીઓ ઘણા સારા મિત્રો બની શકે છે કારણ કે
  એ પ્રશ્નો પૂછતાં નથી અને ટીકા કરતા નથી - **રુબિન ડેવિડ**
- જેના સાનિધ્યમાં હું રિલેક્સ થઈ શકું તેને હું સજ્જન કહું છું - **રતન ટાટા**
- બીજાની ભૂલો માફ કરવી સહેલી છે પણ
  આપણી ભૂલ કાઢનારાઓને માફ કરવા મુશ્કેલ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- **આજનું ઔષધ :** રાઈનું ચૂર્ણ નવશેકા પાણી સાથે લેવાથી અજીર્ણ મટે છે.

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

ગમે તેટલી બહુમતિ હોય પણ રાજા જયારે ગાદીપતિ બને પછી એને માટે બધી પ્રજા - બધા ધર્મો સરખા છે એણે બધાને એક આંખે - ન્યાયી દૃષ્ટિથી જ જોવું જોઈએ. એ જ તેનો સાચો રાજધર્મ છે.

પંજાબ કેસરી રાજા રણજિતસિંહના દરબારમાં એક મુસ્લિમ ફકીર આવ્યો. તેની પાસે સુવર્ણની શ્યાહી લખેલો પવિત્ર ગ્રંથ હતો. એણે કહ્યું, રાજા સાહેબ આ પવિત્ર કુરાનનો કિંમતી ગ્રંથ છે. એને મારે વેંચવો નથી પણ આપ તેના બદલામાં મને એવું દાન આપો જેનાથી હું એક દરગાહ બનાવી શકું - હું બધાં ધનિકો અને સુલતાનો પાસે ગયો છું. બધાંયે ગ્રંથને પ્રણામ - કુર્નીશ કરી પણ કોઈ તે રાખવા તૈયાર નથી.

રાજા રણજિતિસંહે ગ્રંથ સ્વીકાર્યો અને ફકીરને ખૂશ કરી વિદાય કર્યો. રાજાના મુસ્લિમ વજીરે પૂછ્યું. મહારાજ આપ તો હિંદુ સમ્રાટ છો છતાં આપે અમારા પવિત્ર ગ્રંથને આટલો બધો આદર કેમ આપ્યો?

રાજા રણજિંતસિંહે કહ્યું, ‘હું બધા ધર્મો અને જાતિને એક આંખે જ જોઉં છું.’ કહી ખડખડાટ હસ્યા.
(રાજા રણજિતસિંહે વાસ્તવમાં એક આંખે પ્રજ્ઞાચક્ષુ હતા.)

## મજબૂરીનો ગેરફાયદો ઉઠાવી સ્વજનોની જિંદગી બચાવવી તે પાપ છે

**તંત્રીસ્થાનેથી...**

આણંદ જિલ્લાના પંડોળી ગામના યુવાનો દ્વારા કિડની વેચવાની ઘટના પ્રકાશમાં આવ્યા પછી માનવ અંગોની તસ્કરી વિશે નવેસરથી ગંભીર વિચારણા હાથ ધરવી પડે તેવી સ્થિતિ સરજાઈ છે. પોલીસ તપાસમાં નવ યુવાનોએ પોતાની કિડની પૈસાની લાલચમાં કઢાવી દીધી હોવાનું કબૂલ્યું છે અને આવા એંશી જેટલા યુવાનોની તપાસ ચાલુ છે. એ માટે એક મેડિકલ ટીમ ઉપરાંચ પોલીસની ટીમો સક્રિય છે. અંગે વેચીને આર્થિક વિટંબણાનો ઉકેલ આણવાની રીત દયાપાત્ર જ લેખાય. વળી કાયદાની દૃષ્ટિએ તો એ ગુનો પણ બને છે. ‘ભગવાન’ જેવા ગણાતા ડૉકટરો પોતે આવાં કૌભાંડોમાં ભાગીદાર બનતા રહ્યા છે, બલકે એ પોતે જ આવાં કૌભાંડો પાછળનું ‘બ્રેઈન’ હોય છે. એક વ્યક્તિ જરૂરિયાતવાળી બીજી વ્યક્તિને અંગદાન કરીને મૃત્યુના મુખમાંથી બચાવવા આગળ આવે એ ઘણું સત્યુત્ય પગલું છે. આવા સ્વૈચ્છિક કિડનીદાતાઓ પ્રત્યે સમાજ માનની નજરે જોતો હોય છે. પરંતુ સામાન્ય રીતે આવું પગલું દરદીનાં નિકટ સ્વજનો સિવાય ભાગ્યે જ કોઈ બીજું ભરવા તૈયાર થતું જોવા મળે છે. વળી પહેલાં તો ‘મૅચિંગ’ નો પ્રશ્ન પણ રહેતો હતો. ફક્ત લોહીની સગાઈ ધરાવતાં સ્વજનો જ કિડની આપી શકતા. હવે આધુનિક સારવાર પદ્ધતિમાં કોઈ પણ કિડની દરદીના શરીરમાં ગોઠવી દઈ એનાથી કામ ચલાવી શકાય છે, અલબત્ત આવા દરદીઓ પારકી કિડનીને સક્રિય રાખવા જીવે ત્યાં સુધી મોંઘીદાટ દવાઓ ખાવી પડે છે. રક્તદાનને મહાદાન કહી એનો મહિમા કરાયો પરંતુ ગરીબીના સકંજામાંથી વખત પૂરતો છુટકારો મેળવવા ધંધાદારી રક્તદાતાઓની આખી એક જમાત ઊભી થઈ ગઈ. સંપન્ન પરિવારો પૈસા ખરચીને લોહી કે કિડની મળી શકતાં હોય તો તેમના સ્વજનો પાસેથી લેવા તૈયાર નથી હોતા. વળી પોતાનું અંગ કાઢી આપવાનું ભાગ્યે જ કોઈને ગમતું હોય છે. ત્યારે માનવીની આ સ્વાર્થવૃત્તિ જ આવાં કિડની કૌભાંડો સરજે છે અને એ જ સ્વાર્થવૃત્તિ ગર્ભાશયો પણ ભાડે રાખીને પોતાનો વંશવેલો વધારવા મથતા પરિવારોમાં જોઈ શકાય છે. આવી ‘સરોગેસી’નો ધંધો પણ યોગાનુયોગ આણંદ પથંકમાં જ શરુ થયો અને ધમધોકાર ચાલતો રહ્યો છે. માનવીની લાચારીનું આથી મોટું દૃષ્ટાંત બીજું કયું હોઈ શકે? જો ઉમળકાથી આવું જોખમ ખેડવામાં આવ્યું હોય તો આ જ બાબત માનવમાંગલ્યની પરાકાષ્ઠા બની રહે, પરંતુ મોટા ભાગના કિસ્સાઓ તો લાચારી-મજબૂરી અને ગરીબી પ્રેરિત જ હોય છે, તે હકીકત અવગણી શકાય એમ નથી. તેથી સ્તો સરકાર અને ન્યાયતંત્ર સુદ્ધાં આ મુદ્દે સક્રિય બની આવો શરીરનો વેપાર રોકવા પ્રયત્નશીલ બનતાં રહ્યાં છે. જો કે ગમે તેટલા કાયદા કરવામાં આવે તો પણ એમાં છટકબારીઓ તો રહેવાની જ. પૈસા ખાતર કિડની વેચનાર સાથે એ કિડની લેનાર પાર્ટી રીતસરનું કરારનામું કરે છે. વળી આવો ગરીબ માણસ પોતે સ્વૈચ્છિક રીતે કિડની દાન કરતો હોવાનું આભાસી ચિત્ર ઊભું કરવું પણ મુશ્કેલ નથી. ત્યારે સમાજમાં આ મુદ્દે જાગૃતિ લાવવાની જરુર છે અને શક્ય એટલા કૅડેવર અંગદાન તથા બ્રેન ડેડ અંગદાન વધુ પ્રમાણમાં થાય તે માટે પ્રયાસો હાથ ધરવાની જરુર છે. થોડા વખત પહેલાં ઈંદોરથી ગ્રીન કોરીડોર બનાવી તાબડતોબ બ્રેનડેડ અંગો મુંબઈ પહોંચાડવાની ઘટના પ્રકાશમાં આવી હતી. સ્વજનો એ પોતાના પરિવારજનોની જિંદગી બચાવવા સ્વૈચ્છિક રક્તદાન-કિડનીદાન માટેની તૈયારી દાખવવી જોઈએ. કોઈની લાચારીનો ગેરલાભ ઉઠાવી પોતાના સ્વજનની જિંદગી બચાવવાનો પ્રયાસ કરવો એ તો એક ધૃણાસ્પદ બાબત જ ગણાવી જોઈએ.

## શીળસ : આજકાલનો કોમન રોગ






પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય


આપણે ઋતુસંધિની પીરીડયમાંથી પસાર થઈ રહ્યા છીએ. બપોરે સખત ગરમી લાગે, તડકો લાગે, પરસેવો થઈ જાય. રાત્રે અને વહેલી સવારે એકદમ ઠંડક હોય, ચાદર ઓઢવી પડે. આ ડબલ સિઝન અને ઉપરથી બાળકોની પરીક્ષાઓ, ઉપરથી માર્ચ એન્ડીંગનું પ્રેશર, એટલે વધુ ટેન્શન, આ વસંતઋતુ કાલમાં આમેય એલર્જીક તકલીફો વધુ થાય. ચામડીની તકલીફો પણ વધુ થાય. આવા ચામડીના રોગોમાંનો એક કંટાળાજનક રોગ એટલે શીળસ. આમ તો અગાઉ આ જ કોલમમાં શીળસ વિશે લખાયું છે. પણ અહીં ફરી લખવાનું કારણ એ કે આ સમયગાળામાં શીળસ તેમજ ચામડીની ખંજવાળ જેવા પ્રોબ્લેમ ખૂબ જોવા મળે છે. આમ જોઈઓ તો એલોપથીમાં સીટ્રાઝેન જેવા કમ્પાઉન્ડ લેવાથી તુરંત રાહત થઈ જતી હોય છે પણ એ ટેમ્પરરી રાહત છે. આનું પરમેનેન્ટ સોલ્યુશન લાવવું પડે, અને તે આયુર્વેદમાં છે.

આયુર્વેદમાં શીળસને ‘શીતપિત્ત’ કહે છે. આનું આધુનિક નામ ‘અર્ટીકેરીયા’ શીળસ થવાના કારણો જોઈએ તો આહાર સંભંધી વૈષમ્ય જેવા કે અતિશય ખાટા-ખારા-મસાલાવાળા આહાર, દહિંનો પ્રચૂર ઉપયોગ, મેંદો અથવા આથાવાળો ખોરાક, વધારે માત્રામાં લસણ, ડુંગળી-ખાટા ફળો આદિ લેવા વગેરે છે. આ ઉપરાંત અમુક દવાઓના રીએક્શનના પરિણામે પણ શીળસ થઈ શકે. જીવજંતુ કરડવાથી કે કૃમિને કારણે પણ થઈ શકે, કોઈ પદાર્થ પ્રત્યે એલર્જીને કારણે પણ શીળસ થઈ શકે. શીળસમાં સૌપ્રથમ પિત્તની દુષ્ટી થાય છે. ત્યારબાદ કફ અને વાયુની દુષ્ટી થાય છે. કફ અને વાયુ બંને પિત્ત સાથે મળીને બહારની ત્વચામાં અને રક્તઆદિ ધાતુઓમાં ફેલાઈને આ રોગ ઉત્પન્ન કરે છે. શરીરનું પાચનતંત્ર મંદ હોય ત્યારે આ રોગ વધુ જોર પકડે છે.

આધુનિક વિજ્ઞાનની નજરે જોઈ ઓ તો રોગમાં શરુઆતમાં ત્વચાની રક્તવાહિનીઓ એકદમ પહોળી થઈ જાય છે અને તેમાથી રક્ત અને લસિકા સ્ત્રાવનો પ્રવેશ વધે છે. ત્યારબાદ આ રક્તવાહિનીઓ સંકુચિત થઈ જાય છે. આથી ચકામાએ લાલાશમાંથી સફેદ જેવા વર્ણના થાય છે. લસિકાનું પ્રમાણ વધુ હોય તો વધુ ફોલ્લા થાય અને ખંજવાળ બળતરા વધુ જોવા મળે.

શીળસના લક્ષણો જોઈએ તો મધમાખી કે ભમરો કરડ્યો હોય તેવા પ્રકારના એકથી વધુ ફોલ્લાઓ થાય તેમાં ખૂબ ખંજવાળ આવે અને બળતરા પણ થાય. આ ચકામા લાલાશ પડતા સફેદ જેવા હોય. ચકામા થઈ ને બેસી જાય અને ફરી થાય.

હવે વાત કરીએ થીળસની ચિકિત્સાની. શીળસમા પાચનતંત્ર વ્યવસ્થિત હોવું જોઈએ. કબજીયાત ન રહેવી જોઈએ. વળી, જે કારણથી શીળસ થતું હોય તે કારણનો ત્યાગ કરવો. જો કોઈ રોગની અસરને કારણે શીળસ થયું હોય તો તે પ્રમાણેના યથાયોગ્ય ઉપચારો કરવા.

શીળસના મુખ્ય ઔષધોમાં હળદર, અજમો, આદુ, ખેર છાલ, લીમડો, નાગરમોથ, કડુ, ગળો, વાવડીંગ, હરડે, આદિ મુખ્ય છે. અજમોદાદિ ચુર્ણ, અવિપત્તિકર ચૂર્ણ, ત્રિફળા ચૂર્ણ, વિરેચન ચૂર્ણ, ત્રિકટુ ચૂર્ણ આદિમાંથી વ્યક્તિની પ્રકૃતિને અનુકૂળ હોય તે લઈ શકાય.

હરીરાખંડ પાક નિયમિત લઈ શકાય. દૂધ સાથે બોર્નવીટાની જેમ સવાર-સાંજ પી જવું. આ ઉપરાંત સુદર્શન, આરોગ્યવર્ધિની, કામદૂધા, ગંધક રસાયણ, સૂતટીખર, ચંદ્રકલારસ આદિનો યથાયોગ્ય ઉપયોગ કરી શકાય.

ઉપરોક્ત ચિકિત્સામાંથી વ્યક્તિની પ્રકૃતિ-બલને અનુરુપ યથાયોગ્ય ચિકિત્સા તેમજ આહાર-વિહારમાં નિયમનથી શીળસ પરમેનેન્ટ મટી શકે છે.

**શીળસના મુખ્ય ઔષધોમાં હળદર, અજમો, આદુ, ખેર છાલ, લીમડો, નાગરમોથ, કડુ, ગળો, વાવડીંગ, હરડે, આદિ મુખ્ય છે. અજમોદાદિ ચુર્ણ, અવિપત્તિકર ચૂર્ણ, ત્રિફળા ચૂર્ણ, વિરેચન ચૂર્ણ, ત્રિકટુ ચૂર્ણ આદિમાંથી વ્યક્તિની પ્રકૃતિને અનુકૂળ હોય તે લઈ શકાય**


- drkedarju@gmail.com


## એક (સર્વ) ‘ધર્મસભા’ની વાત




મનના ઉમંગો
રણછોડ પરમાર


શ્રી હરીન્દ્ર દવે જેટલા ઉત્તમ કવિ છે એટલા જ ઊંચા ગજાના ગદ્યકાર પણ છે. પત્રકારત્વ ક્ષેત્રે એમને ચાળીસથી વધારે વરસો વિતાવ્યાં છે. આ દરમિયાન સેંકડોની સંખ્યામાં સરસ પ્રાસંગિક નિબંધો લખાયા હશે. ‘પ્રવાસી’ દૈનિકના ધર્મસભા વિભાગમાં તે ધર્મ અને આધ્યાત્મિકતા વિશે લખેલા લેખો વાચકોને ખૂબ જ ગમતા. તેમના બધા જ નિબંધસંગ્રહોમાં હંમેશા અડધોઅડધ નિબંધો તો ધર્મ અને આધ્યાત્મિકતાને લગતા જ જોવા મળે છે. ‘ધર્મસભા’ એક એવું પુસ્તક છે કે તેના બધા જ નિબંધો કોઈ સુંદર ધર્મ સભામાં રજૂ કરાયા હોય એવા પૂરેપૂરા ધાર્મિક સ્પર્શવાળા છે. એક પછી એક પ્રકરણ શાંત ચિત્તે વાંચતા રહીએ ત્યારે એવું લાગે છે, જાણે ઈશ્વરના દર્શન માટે આપણે એક પછી એક દ્વાર ઉઘાડતા પ્રભુના ઓરડા તરફ જઈ રહ્યા હોય. આ પુસ્તકમાંથી કેટલાક મને ગમતાં અંશો, આપણને પણ ગમશે એ આશાએ રજૂ કર્યો છે.

સંત ઈબ્રાહિમ એક નગરની બહાર રહેતા હતા, ત્યારે પ્રવાસીઓ, હંમેશા તેમને પુછે કે વસ્તી તરફ જવાનો રસ્તો કયાં? ઈબ્રાહિમ કહેતા : ‘જમણી બાજુનો રસ્તો લો તો કલાક પછી વસ્તી આવશે, ડાબી બાજુ નહીં જતા એ તરફ સ્મશાન છે.’ મુસાફર જમણી બાજુ કલાક ચાલીને સ્મશાને પહોંચતો અને ત્યાંથી પાછો ફરી ઈબ્રાહિમને કહેતો : ‘ફકીર થઈને અમને ખોટા રસ્તે ચડાવી દીધા? જમણી બાજુએ તો સ્મશાન હતું; વસ્તી તો ડાબી બાજુના રસ્તે છે.’ ઈબ્રાહિમ અચૂકપણે આ સૌને જવાબ દેતા : ‘ભાઈ, આપણી ભાષામાં કયાંક ગોટાળો છે. જયાં જઈ માણસ કાયમ માટે વસે છે એને હું વસ્તી કહું છું. હા, ડાબી બાજુ એક નગર છે, પણ ત્યાં વસ્તી નથી. ત્યાં તો મરવા માટે કતાર લગાવીને જીવતા લોકો છે, એ ત્યાં વસ્તી નથી. ત્યાં તો મરવા માટે કતાર લગીને વસ્તી તરફ જ જવાના છે. તમે લોકો સ્મશાનને વસ્તી કહેવા લાગો છો ને વસ્તીને સ્મશાન.’

ભાષામાં ફરક પડી જાય છે.

પ્રભુ પાસે આપણે ‘કલ્યાણ’ માગીએ અને કોઈક આપત્તિ આવી પડે ત્યારે આપણે ફરિયાદ કરીએ કે પ્રભુએ આપણી વાત સાંભળી નહીં. પણ આપણા માનસકોષમાં આપણાં ‘કલ્યાણ’ નો જે અર્થ હોય, તે પ્રભુના માનસકોષમાં હોય એવું માનવાની જરુર ખરી? આપણને જે ‘આપત્તિ’ લાગે એમાં જ આપણું ‘અંતિમ કલ્યાણ’ હોય એવું કયારેક નથી બનતું? (પૃ. ૧૧-૧૨)

આધ્યાત્મિક કવિતાના બધા જ કવિઓ અદશ્ય થઈ જાય. એમાંથી એકને જ પસંદ કરવાના હોય તો કયા કવિને સાચવો? અમારા સાથી રાજનાથ એક દુહો વારંવાર કહે છે. (કવિતા લખું છું એવો આ લખનારનો ભ્રમ તોડવા માટે જ કદાચ)

સાચસાચ સૂરા કહી
તુલસી કહી અનૂઠી
બચીખુચી કબીરા કહી
ઓર કહી સબ જૂઠી.

સુરદાસે જે કંઈ સત્ય હતું એ પ્રગટ કરી દીધું છે : જે કંઈ અનુપમ હતું એ તુલસીએ કહી દીધું બાકી બચ્યું તે કબીરે કહ્યું. એ સિવાયના કોઈએ પણ કહ્યું હોય તો એ બધું જૂઠું છે!

અહીં કબીરનું ત્રીજું સ્થાન છે : પણ જો ક્રમ આપવાનો હોય તો સુરદાસની બાળલીલાની કૃતિઓ અત્યંત હૃદયંગમ હોવા છતાં કબીરને પ્રથમ સ્થાન આપું.

આ કબીર ગાય છે
રામ ભગતિ અનિયાલે તીર,
જેહિ લાગૈ સો જાનૈ પીર.

રામની ભક્તિ તો અણિયાળા તીર જેવી છે : જેને વાગે એને જ પીડાની ખબર પડે! (યાદ આવે છે આપણી કવિતા : રામબાણ વાગ્યા હોય તે જાણે!) ‘ઘાયલકી ગત ઘાયલ હી જાને ઔર ન જાને કોઈ’નો મિજાજ એમાં પ્રગટ થાય છે. આ કબીર મુલ્લાને કહે છે :

મસ્જિદ મુલ્લાં બાંગ પુકારૈ
કયા મેરા સાબિત બહિરા હે?
ચ્યુટીકે પાંવમે નેપુર બાજે
વો ભી મેરા સાહિબ સુનતા હે.

કબીરને પામ્યા છીએ એમ કહી આપણે કબીરને છેતરી જઈએ છીએ, પણ કબીર કદી છેતરાતા નથી. એ તો કહે છે :

કબીર આપ ઠગાઈએ
ઔર ન ઠગિયે કોઈ,
આપ ઠગ્યા સુખ ઉપજે
ઔર ઠગ્યા દુઃખ હોઈ.

‘કબીર, જાતે ઠગાવું, પણ કોઈને ઠગવા નહીં, આપણે ઠગાઈએ ત્યારે સુખ થાય છે. બીજાને ઠગીએ ત્યારે દુઃખ.’ અહીં અવળવાણી નથી, નક્કર સત્ય છે. (પૃ.૪૧ થી ૪૯)

મુનિ ચંદ્રવિજયજી રચિત, બંધ ત્રિપુટીમાં તેમની વાણીનો જાદુ, તેમના લખાણોનો પ્રભાવ હરીન્દ્રભાઈએ કેવો સાંભળ્યો, પામ્યો છે, તે જુઓ :

હવે નાવ છોડી હવાને હવાલે
હવાની હો મરજી તો એને સમાલે
તારવું કે મારવું એ પરમાત્માને જ સોંપી દેતા

ભક્તની ખુમારી આ પંક્તિઓમાં અનુભવાય છે. આ દુનિયામાં ઘણું બધું અલ્પજીવી છે, બદલાતું રહે છે. આ વાતને કવિ આ રીતે મૂકે છે :

રાહ એના એ રહે ને રાહી બદલાયા કરે;
વૃક્ષ ડાળી એ જ કિન્તુ, પર્ણ બદલાયા કરે.

પરમાત્મા તરફની ગતિ એક એક પગલું કરીને જ થતી હોય છે. પ્રત્યેક પગલું સ્વતંત્રપણે કંઈ જ નથી. એ પગલાંનો સરવાળો મિલન તરફ દોરી જાય છે. જેમ રેખા અલગ-અલગ બિંદુઓ જોડાઈને બને છે; પરંતુ રેખા બન્યા પછી બિંદુ અલગ રહેતા નથી. એમ સાક્ષાત્કારની ક્ષણે પગલાં ભૂંસાઈ જાય છે. પરંતુ તત્ત્વ રહે છે. કવિ કેટલી સરળ ભાષામાં રહે છે.

રેખાઓમાં રહ્યો અડોઅડ બિંદુઓનો ફાળો,
મંઝિલ બીજું કાંઈ નહીં બસ, પગલાંનો સરવાળો.

આ સમગ્ર રચનામાં મતે એક રચના ખૂબ જ ગમી છે, એની થોડીક પંક્તિઓ જોઈએ. ગુમાનની ગાંઠડી છોડીએ ત્યારે જ પરમતત્વ સુધી પહોંચી શકાય. આ કયારે છૂટે? જયારે અનુભવાય કે

આમ લાગીએ સંત ધરમના મરમ લગી પહોંચેલા,
આમ જુઓ તો છીએ મુસાફર થૈલા લૈ નીકળેલા,
થવું ગમે ના ગુરુ કોઈના થઈ શક્યા ના ચેલા
કેમ માનીએ છેલ્લા તમને, કેમ અમોને પહેલાં?

અને આ આખાય સંગ્રહનો સાર-નિષ્કર્ષ આ જ કવિતાની પંક્તિમાં છે : ભીતરમાં ભગવાન વસે તો બધા દાખલા સહેપા (પૃ.૭૫-૭૯)

બુદ્ધના શિષ્ય આનંદે જોયું કે તથાગત હવે જીવનની લીલા સમેટી લેવા માંગે છે આનંદ ખિન્ન થઈ ગયો. તેનાથી પુછાઈ ગયું : ‘ભગવાન, આપ અમારી વચ્ચેથી ખસી જશો, ત્યારે અમને બોધ કોણ આપશે?’

બુદ્ધે કહ્યું, ‘આનંદ, આ પૃથ્વી પરનો હું પ્રથમ બુદ્ધ નથી : છેલ્લો


અનુસંધાન પાના નં. ૭ પર


## મહેફિલની ત્યારે સાચી શરૂઆત થઇ હશે, મારા ગયા પછી મારી જ વાત થઇ હશે




લાગણીનો મેળો
રસિક વાળંદ


જે છજા નીચે પલળતા હોય છે.
એ કબૂતરમાં સરળતા હોય છે.

- નયન દેસાઈ

મારી જીવનયાત્રામાં સમયાંતરે સાંપડેલા કેટલાક સાથીઓનું પાવન સ્મરણ આનંદથી ભીંજવી જાય છે. રણમાં મીઠી વીરડી જેવાં આ સુહદ ચરિત્રોની યાદ જીવવાનું નવું જોમ બક્ષે છે! પૂર્ણ મનુષ્યત્વની ગરીમાને સમજી ચૂકેલા આ સજ્જનો સાચે જ માનવજીવનનો મર્મ પામી ચૂક્યા હતા. મુઠી ઊંચેરા આ માનવીઓમાં મને પ્રબળ આત્મનિષ્ઠા ઝબકતી જોવા મળી છે. આજના વિસ્તરતા જતા ફાયદાવાદે પ્રત્યેકના પર્યાય બદલાવી નાખ્યા છે. અરે, વ્યક્તિનું મૂલ્ય પણ ઉપયોગીતા સાથે જોડાઈ ગયું! કામમાં આવે એની જ કિંમત.... આપણે સૌ વાતવાતમાં કહીએ છીએ ‘સંબંધ જાળવવો પડે’ દોસ્તો, જાળવવો પડે એને તે સંબંધ કહેવાય ખરો?! આજના સંદર્ભે મારી દ્રષ્ટિએ સંબંધની ટૂંકી વ્યાખ્યા એટલે ‘‘ઘસારો.’’ નિરપેક્ષ નિરાકાંક્ષ સંબંધોની તો કલ્પના જ કરવી રહી! આવા શૂન્યાવકાશમાં માનાવ્યને ખીલવવા પૂ.પાંડુરંગ શાસ્ત્રીજીએ આદરેલા અપવાદરૂપ પ્રશસ્ય પ્રયાસો ધ્યાનાર્હ છે.

ખેર, આવા વાસ્તવમાં આત્મનિષ્ઠાભર્યા નખશિખ પ્રામાણિક વ્યક્તિઓનું સાનિધ્ય સાંપડવું એ મારા માટે તો ધન્ય ઘટના જ છે. હું એને મારું સદ્ભાગ્ય જ ગણું છું! આવા સુભગ સુહદોનું સ્મરણ જ આજે મને અહી લખવા પ્રેરી રહ્યું છે......

વિચારું છું કે નીતિશાસ્ત્રને આપણે બીજાની સાથેના વ્યવહારોની બાબતમાં સૂક્ષ્મ બનાવી મૂક્યું છે પણ વ્યક્તિની આત્મનિષ્ઠાની રીતે વિચાર જ નથી કર્યો. કવિ તેથી જ લખે છે,

‘‘ખુદને ખરાબ કહેવાની હિંમત નથી,
તેથી તો સૌ કહે છે ‘જમાનો ખરાબ છે.’’

મિત્રો આત્મનિષ્ઠાનો અભાવ અર્થાત જાત પ્રત્યેની અપ્રામાણિકતા ભારે નુકસાનકારક સાબિત થઈ શકે છે. એની આપણને ખબર જ પડતી નથી. સામા માણસ પ્રત્યે અપ્રામાણિકતા દાખવીને કદાચ કશોક - ભલે ક્ષણિક - પણ - લાભ થાય પણ પોતાની જાતને છેતરીને કોઈ વ્યક્તિ કશા કાંદા કાઢી શકતો નથી. દોસ્તો, એક વાત હંમેશ માટે નોંધી રાખજો જાત છેતરામણી કોઈનેય કદી સુખ આપી શકાતી નથી. જાત સાથેની અપ્રામાણિકતા તો લાગણીતંત્ર અને મનની ગરબડો જ પેદા કરે છે એમ માનસશાસ્ત્ર કહે છે. માણસના અંગત પ્રશ્નોના મૂળમાં મનની આવી જ ગરબડ કારણભૂત હોય છે. જરા, સ્વ-સ્થ, શાંતચિત્તે વિચારીએ તો તેનાં અનેક રહસ્યો ખૂલશે. (જરા પ્રયોગ કરી જોવા જેવો છે.)

દોસ્તો, કેટલીક સમર્થ - કઈક વિશેષ કરી શકે એવી તમામ શક્યતાઓ ધરાવનારી વ્યક્તિઓ નિવૃત્ત પણ થઈ ગઈ છતાં કશું જ ન ઉકાળી શકી - કાળની ગર્તામાં દટાઈ મરી - જગત એમના લાભથી બિલકૂલ વંચિત રહી ગયું - મારી દ્રષ્ટિએ આવું થવા પાછળ વ્યક્તિ પોતાની ક્ષમતાઓ અને મર્યાદાઓને બરાબર ઓળખી ન શક્યો હોય એવું બને ખરું. જે માણસ પોતાની જાતનું સમતોલ પૃથક્કરણ કરી ન શકે એ પોતાની જાતને અને જગતને પણ અન્યાય કરે છે.

આપણી આસપાસ લગ્નવિચ્છેદ કે મૈત્રી સંબંધો તૂટી જવાના અનેક દાખલાઓ મોજુદ છે સાવ નજીવું કારણ લગ્નવિચ્છેદનું કારણ બને. કે ચોવીસ કલાકમાં એક વખત જો ન મળ્યા હોય તો ચેન ન પડે એવા ગાઢ દોસ્તો વચ્ચે તિરાડ પડે ને બોલવાનાય સંબંધ ન રહે - આવી કમનસીબ દુર્ઘટનાઓ જોઈ - જાણી છે! સાક્ષીભાવે આવું બધું નિહાળી એટલું વિચારું છું કે માણસ પોતાના મિત્રોને જેટલી સ્પષ્ટ ને સચોટ નજરે જુએ - મૂલવે એ જ રીતે જો પોતાની જાતને જોવાનું શીખ્યો હોત તો આવા અકલ્પ્ય સંજોગો કદીયે ન સર્જાય... મોટેભાગે તો કવિએ કહ્યું છે એવું જ વ્યવહારમાં યથાર્થ જોવા મળે છે...

‘‘મહેફિલની ત્યારે સાચી શરૂઆત થઈ હશે.
મારા ગયા પછી મારી જ વાત થઈ હશે.’’

મેં જોયું છે કે માણસ પોતાના મિત્રની પીઠ પાછળ દુશ્મન પણ ન બોલે એવું ઘણીવાર બોલતો હોય છે... આવું કદાચ કાને પડે ત્યારે મનોમન સ્વગત જાતને કહેતો હોઉં છું, ‘‘આટલો જ કડક જો માણસ પોતાની જાત પ્રત્યે થાય તો?’’

એક ઘટના યાદ આવે છે, ‘‘એક જુગારી દિવસભર તનતોડ મહેનત કરે ને બધી જ કમાણી રાત્રે જુગારમાં હોમી દે. વર્ષોનો આ નિત્યક્રમ પરંતુ એકવાર જુગારમાં સારી એવી રકમ જીતી ગયો. અહી આશ્ચર્યની વાત તો એ છે કે જીતેલી બધી જ રકમ ધર્માદામાં આપી દીધી ને હંમેશને માટે જુગારને રામરામ કરી દીધા... પોતાના દુર્ગુણ દેખાય ને તેનો સ્વીકાર કરવાની હિંમત દાખવીએ તો બધા જ રસ્તા સરળ થઈ જાય છે.

આપણા મહાત્મા ગાંધીએ પોતાના એક નિર્ણયને ‘હિમાલય જેવડી ભૂલ’ તરીકે ઓળખાવીને પાછો ખેંચેલો. ત્યારે એક વિદશી પત્રકારે એમને પૂછ્યું, ‘‘કોઈનેય ખબર નહોતી કે તમે ભૂલ કરી છે.’’ ત્યારે ગાંધીએ કહ્યું, ‘‘મને તો ખબર હતી ને?’’ પત્રકારે વળતો સવાલ કર્યો, ‘‘પણ કોઈ તમને કહેવા આવવાનું નહોતું’’ ત્યારે મહાત્માજીએ કહ્યું, ‘‘ભાઈ, એ તો સાચું, પણ મારું મન કેમ ચૂપ રહે?’’ એના ટોણા તો મારે સાંભળવાના ને?’’ મારા અંતરાત્માના અવાજને હું કેમ કરીને દબાવું?’’ - આવા નખશિખ પ્રામાણિક ગાંધી ગોળીએ વીંધાયા!!! આ જગતમાં બહુ ઓછા લોકોમાં આ સદગુણ ધબકતો જોવા મળે છે. બાકી આજકાલતો અંતરાત્મા જ રહ્યો નથી!!!

આપણી આસપાસ જરા બારીકાઈથી જોઈશું તો સમજાશે કે મોટેભાગે સૌ કોઈ બીજાને બતાવવા જ જીવે છે. બીજાને શું લાગશે. બીજાને ગમશે. માણસ જ પોતીકો રહ્યો નથી. પોતાનો આગવો સ્વતંત્ર કોઈ પિંડ જ નથી. કોઈકના દોરવાયા દોરવાવાનું...બીજાની નકલ જ કરી જીવ્યે જવાનું... પારકા પડછાયા બની ખેંચાવાનું... મને તો એ જ નથી સમજાતું કે સૂરજનું સંતાન એવો માણસ સ્વયં સૂરજ થવા સર્જાયો હોય એ જ આમ અંધારે અથડાય?!!

ઘણીવાર મારી આવી આદર્શની વાતો સાંભળી મિત્રો પ્રતિ આક્ષેપ કરતા હોય છે.. હમણાં જ મારો એક મિત્ર કહે, ‘‘સીધાં ઝાડ - ને - સીધા માણસને લોકો પહેલો ઘા કરે છે.’’ વ્યવહારસિદ્ધ આવા અનુભવો વ્યક્તિની વિચારવાની દિશા જ બદલી નાખે છે. આ સત્ય પણ સ્વીકાર્ય છે. પરંતુ બધી જ સાનુકુળતાઓ છોડી સેવાર્થે લોકહિતના કાર્યો કરનારા લોકસેવકોથી આપનો ઈતિહાસ ભર્યો ભર્યો છે એ વાત ન ભૂલશો. આપણે કદાચ આવો ઈતિહાસ ભલે ન રચી શકીએ પરંતુ દિવસભર એવાં કામો કરીએ કે નિરાંતની ઊંઘ લઈ શકીએ. પારદશી જીવન જીવવાનો મહાવરો કરવા જેવો છે.


અનુસંધાન પાના નં. ૭ પર